આપણું પોતાનું અખબાર

મનુષ્યની સચ્ચાઇનું એક માત્ર પ્રમાણ એ છે કે એ પોતાના સિધ્ધાંત માટે પોતાનું સર્વસ્વ હોમી દેવા તત્પર રહે છે
- લોવેલ

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૪૧ | ૯ નવેમ્બર, ૨૦૧૨, શુક્રવાર; આસો વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગર મેડીકલ કોલેજની રીન્યુઅલ અરજી કરાશે

## દ્વિતીય વર્ષના અભ્યાસક્રમની મંજૂરી માંગતી અરજી આગામી સપ્તાહમાં મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને મોકલી અપાશે : કોલેજમાં નવા ૭ વિભાગો શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મેડીકલ કોલેજમાં દ્વિતીય વર્ષની મંજૂરી માંગતી અરજી આગામી સપ્તાહમાં મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને મોકલી આપવામાં આવશે.

મેડીકલ કોલેજને એમ.સી.આઈ.એ. માત્ર એક વર્ષની મંજૂરી આપી હોવાથી તેની રિન્યુઅલ અરજીની સાથે દ્વિતીય વર્ગના અભ્યાસક્રમની મંજુરી માંગવી પણ જરૂરી છે. કોલેજ દ્વારા આ અંગેની અરજી કરવા માટેની તૈયારીઓ પૂરી કરી દેવામાં આવી છે અને આગામી સપ્તાહના આરંભે જ તે કાઉન્સિલને મોકલી આપવામાં આવશે.

કોલેજના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૧૫૦ બેઠકો હાલ ભરાયેલી છે અને કોલેજની પ્રથમ પરીક્ષા પણ દિવાળી બાદ લેવામાં આવશે.

કોલેજમાં વધારાના શૈક્ષણિક કર્મચારીઓની ભરતી કરી દેવામાં આવી છે. આ અરજી કાઉન્સિલને મોકલ્યા બાદ જાન્યુઆરીના આરંભમાં અથવા ફેબ્રુઆરીની મધ્યમાં કાઉન્સિલની ટીમ ઈન્સ્પેકશન માટે આવશે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે કોલેજમાં દ્વિતીય વર્ષના અભ્યાસક્રમ શરૂ કરવાનો થતો હોવાથી નવા ૭ થી ૮ વિભાગો કાર્યરત કરવામાં આવશે. નવા વિભાગો શરૂ કરવા અંગેની કવાયત હાલ પૂરજોશમાં ચાલી રહી છે અને ડિસેમ્બર અંત સુધીમાં આ બધુ જ સુસજ્જ કરી દેવામાં આવશે.

કોલેજના સૂત્રોએ જણાવ્યું છે કે હોસ્પિટલમાં હમણાં નવી સુવિધાઓ ઉભી નહિ કરાય પણ કોલેજ કેમ્પસ સંપૂર્ણ તૈયાર થઈ ગયું છે. ઓડિટોરીયમ અને હોસ્ટેલ કેમ્પસની કામગીરી પણ હાલ ગતિમાં છે. હોસ્પિટલમાં આગામી નાણાંકીય વર્ષ દરમિયાન જરૂરીયાત પ્રમાણેની નવી સુવિધાઓ ઉભી કરવા અંગે વિચારણા જરૂર કરાશે. પરંતુ કોલેજ માટે જરૂરી તમામ સુવિધાઓ હોસ્પિટલમાં ઉપલબ્ધ છે.

કોલેજના સૂત્રોના જણાવ્યા પ્રમાણે કોલેજ કેમ્પસ સંપૂર્ણ તૈયાર થઈ ગયું છે અને નવા વિભાગો શરૂ કરવાની કવાયત તેમજ સ્ટાફની ભરતીની પ્રક્રિયા સંપન્ન થઈ જતાં તેમાં વેગ આવ્યો છે. નવા વિભાગો શરૂ કરવા માટેનું સમયબદ્ધ આયોજન કરાયું હોવાથી ડિસેમ્બરની ૩૧મી સુધીમાં બધુ જ અમલી થઈ જશે.



દિપાવલી જેમ મનમાં છે, ચર્ચામાં છે અને વાતાવરણમાં છે એમ અખબારમાંય છે. 'દિપાવલી' શબ્દમાં જ દીપનો ઉલ્લેખ થઈ જાય છે અને દીપ એ જ્યોતિનું પ્રતીક છે, ઉજાસનું પ્રતીક છે, આશાનું પ્રતીક છે, ઈશ્વરનું પ્રતીક છે એ વાત આપણે પરંપરાઓથી સ્વીકારી છે. એ જ બાબતની અભિવ્યક્તિ આપણે દીપના માધ્યમથી દિપાવલી દરમ્યાન કરીએ છીએ. અલબત્ત, ફેશન પ્રમાણે દીપ બદલાતા જાય છે. આ વખતે પણ અનેક જાતના દીપ બજારમાં આવીને ઊભા છે અને પોતાના ઘરને સુશોભિત કરવા માટે આવા દીવડાઓની ખરીદી પણ મોટા પાયે થઈ રહી છે. ગાંધીનગરનાં બજારોમાં આવેલા નવા દીવડા તસવીરમાં દ્રશ્યમાન થાય છે. (તસવીર : દિપક જાની)

# આચારસંહિતાના પગલે દબાણ-રખડતાં ઢોર હટાવવાની કામગીરી ખોરંભે

## હવે ડીસેમ્બર પછી જ તંત્ર હરકતમાં આવે તેવી સ્થિતિ

ગાંધીનગર, તા.૮

શહેરમાં વધતા ઝૂંપડાના દબાણ વચ્ચે રખડતા ઢોરની સમસ્યા વકરતા આમ નાગરિકો તોબા પોકારી ગયા છે ત્યારે આ મામલે નક્કર આયોજન હાથ ધરવા તંત્ર પણ લાચારી અનુભવી રહ્યું હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. ચૂંટણી આચારસંહિતાના લીધે આ કામગીરી ખોરંભે પડી હોવાનો સૂર ઉઠવા પામ્યો છે.

પાટનગરમાં સેકટરે સેકટરે ઝૂંપડા તાણી બંધાયા છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં દિનપ્રતિદિન વધતા ઝૂંપડાઓમાં અનેક દૂષણો પાંગરતા હોવાનો જનઆક્રોશ પણ પ્રબળ બન્યો છે. તેમાં સે-૬, ૭, ૮ ના નવવિકસિત વિસ્તારમાં વધતા ઝૂંપડાઓના લીધે સ્થાનિક રહીશોએ આંદોલનની રાહ અપનાવી છે. જયારે જૂના સેકટરોમાં પણ સે-૨૩, ૨૮, ૨૯ અને ૩૦ સહિતના સેકટરોમાં નજર નાંખો ત્યાં ઝૂંપડપટ્ટી જોવા મળે છે. માર્ગ-મકાન વિભાગ તેમજ વન વિભાગની જમીનોમાં પણ દબાણોનો અડીંગો જોવા મળે છે. શહેરના મુખ્ય 'ઘ' અને 'ચ' માર્ગ આસપાસ પણ વન વિભાગની જમીન પર ઝૂંપડાવાસીઓ ધીમે ધીમે પોતાનો કબજો જમાવી રહ્યા છે. જયારે શૌચાલયના અભાવે શ્રમજીવીઓ ખુલ્લામાં જ શૌચક્રિયાએ જતા ખદબદતી ગંદકીનો પ્રશ્ન જટીલ બન્યો છે. વધુમાં ઝૂંપડાઓની સંખ્યા વધવાની સાથે શહેરના સેકટરો અને

● અનુસંધાન પાના-૭ પર


